પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૦૭ ૧૮ જાન્યુઆરી, ૨૦૨૧, સોમવાર; પોષ સુદ - ૫ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કાશ્મીરમાં કાતિલ ઠંડી : પારો માઈનસ ૮.૨ ડિગ્રી





શ્રીનગર,તા.૧૭

કાશ્મીરમાં મોટાભાગનાં શહેરો અને વિસ્તારોમાં શનિવારે પારો ફરી ગગડતા લોકોને હાડ ગાળી નાખતી કાતિલ ઠંડીનો સામનો કરવો પડયો હતો. શ્રીનગરમાં તાપમાન માઈનસ ૮.૨ ડિગ્રી નોંધાતા લોકોને ઠંડીમાં ઠૂંઠવાવું પડયું હતું. સમગ્ર કાશ્મીરમાં કાતિલ ઠંડીનું મોજું ફરી વળ્યું હતું. પરિણામે દલ સરોવર સહિત પાઈપોમાં પાણી થીજી ગયું હતું. શુક્રવારે રાત્રે શ્રીનગરમાં રાતનું તાપમાન માઈનસ ૭.૬ ડિગ્રી નોંધાયું હતું. અહીં ગુરુવારે રાતનું તાપમાન માઈનસ ૮.૪ ડિગ્રી હતું જે ૧૯૯૧ પછીની ઠંડામાં ઠંડી રાત હતી.

પહેલગામમાં પારો ગગડીને માઈનસ ૯.૪ ડિગ્રી રહ્યો હતો જ્યારે ગુલમર્ગમાં માઈનસ ૫.૪ ડિગ્રી નોંધાયો હતો. કાઝીગુંડમાં માઈનસ ૧૦ ડીગ્રી ઠંડી રહી હતી. કુપવાડામાં માઈનસ ૬.૮ અને કોકરનાગમાં માઈનસ ૮.૭ ડિગ્રીએ પારો રહ્યો હતો. ચિલ્લાઈ કલાન ૩૧મીએ પૂરું થાય તે પછી ૨૦ દિવસ ત્યાં ઠંડીનું જોર રહેશે.

છત્તીસગઢમાં ઠંડીનું મોજું ફરી વળ્યું હતું. જશપુર, મેનપાટ, બિલાસપુર અને ચિલ્કી ઘાટીમાં બરફ વર્ષાને કારણે શીતલહેર ફરી વળી હતી. જશપુરમાં બરફ છવાયો હતો. રાજ્યમાં ૧૯મી સુધી ઠંડીનું જોર રહેશે. પંજાબમાં વધુ ૩ દિવસ શીતલહેર ચાલુ રહેશે તેમ હવામાન ખાતાએ આગાહી કરી હતી. હરિયાણામાં ૨૬ જાન્યુઆરીએ વરસાદ પડવાની આગાહી કરાઈ છે. ગુલમર્બમાં પણ કાતિલ ઠંડીને કારણે જનજીવન પર માઠી અસર જોવા મળી હતી. પ્રવાસીઓએ ઠંડીને કારણે હોટલમાંથી બહાર નિકળવાનું ટાળ્યું હતું.

# કેન્દ્રીય અંદાજપત્ર ૧ ફેબ્રુઆરીએ રજૂ થશે

**બજેટ સત્રનું પ્રથમ ચરણ ૨૯ ફેબ્રુઆરીથી શરૂ થશે જ્યારે બીજું ચરણ ૮ માર્ચ થી ૮ એપ્રિલ સુધી ચાલશે**

**રેલવે મંત્રાલયે નાણા મંત્રાલય સમક્ષ આગામી નાણાકીય વર્ષ માટે આશરે ૧.૮૦ લાખ કરોડ રૂપિયાની માંગ મૂકી છે : રેલવે બજેટમાં, ખાનગી ટ્રેનો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, નવા રૂટો પર ઝડપી મુસાફરી કરવામાં આવશે, પર્યટક સ્થળો પર વધુ સારી રેલ્વે સુવિધાઓ, સોલર પેનલ્સ, ગ્રીન એનર્જી, કિસાન રેલમાં વિસ્તરણ અને ઉત્તર-પૂર્વ રાજ્યોમાં કનેક્ટિવિટી પર ધ્યાન આપવામાં આવશે : આ બજેટ છાપવામાં આવી રહ્યું નથી. દરેકને બજેટની સોફ્ટ કોપી આપવામાં આવશે**

ન્યુ દિલ્હી,તા.૧૭

કેન્દ્ર સરકારે બજેટ ૨૦૨૧ને રજુ કરવાની તૈયારીઓ કરી લીધી છે.બજેટ સત્રનું પ્રથમ ચરણ ૨૯ ફેબ્રુઆરીથી શરૂ થઈ જશે જે ૧૫ ફેબ્રુઆરી સુધી ચાલશે. જ્યારે બીજું ચરણ ૮ માર્ચ થી ૮ એપ્રિલ સુધી ચાલશે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સંસદના બન્ને સદનમાં સંબોધન કરશે. ફેબ્રુઆરીમાં નાણા મંત્રી નિર્મલા સીતારામન દેશની સામે કેન્દ્રીય બજેટ રજૂ કરશે. આ વખતે સામાન્ય જનતાની નજરો રેલવેના બજેટ પર પણ ખાસ રહેશે.એ બાબતે ઉલ્લેખનીય છે કે પહેલા સામાન્ય બજેટ અને રેલવે બજેટ બંને અલગ-અલગ રજૂ કરવામાં આવતા હતા જ્યારે મોદી સરકારે ૨૦૧૬માં આ પ્રથાને નાબુદ કરી દીધી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ વખતે રેલ્વે બજેટથી લોકો નિરાશ થઈ શકે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ગયા નાણાકીય વર્ષથી રેલ્વેનું બજેટ ફક્ત ૩ થી ૫ ટકા વધવાની સંભાવના છે. રેલવે મંત્રાલયે નાણા મંત્રાલય સમક્ષ આગામી નાણાકીય વર્ષ માટે આશરે ૧.૮૦ લાખ કરોડ રૂપિયાની માંગ મૂકી છે. નાણાં મંત્રાલયે કોરોના વાયરસને ટાંકીને નકારી કાઢ્યું છે. તે જ સમયે, સૂત્રોના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માટેનું રેલ્વે બજેટ લગભગ ૧.૭૦ લાખ કરોડ હશે. તે જ સમયે, રેલ્વેને કેન્દ્રમાંથી લગભગ ૭૫૦૦૦ કરોડની સહાય મળી શકે છે. રેલવે બજેટમાં, ખાનગી ટ્રેનો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, નવા રૂટો પર ઝડપી મુસાફરી કરવામાં આવશે, પર્યટક સ્થળો પર વધુ સારી રેલ્વે સુવિધાઓ, સોલર પેનલ્સ, ગ્રીન એનર્જી, કિસાન રેલમાં વિસ્તરણ અને ઉત્તર-પૂર્વ રાજ્યોમાં કનેક્ટિવિટી પર ધ્યાન આપવામાં આવશે. આ વર્ષે બજેટ પુષ્કળ રહેશે.

સરકારે બજેટ અંગે સામાન્ય લોકો પાસેથી સૂચનો પણ માંગ્યા છે. જ્યારે નાણામંત્રી નિર્મલા સીતારામને પણ બજેટ અંગે સંકેત આપ્યા છે. તેમણે કહ્યું છે કે બજેટ કોરોના સંકટમાંથી પસાર થઈ રહેલા દેશ માટે નવી સ્થિતિ અને દિશા નિર્ધારિત કરશે. આ બજેટ છાપવામાં આવી રહ્યું નથી. દરેકને બજેટની સોફ્ટ કોપી આપવામાં આવશે.

# વ્હાઈટ હાઉસમાં પ્રથમ વખત ૨૦ ભારતીયો નૉમિનેટ કરાયા

વોશિંગ્ટન,તા.૧૭

અમેરિકાના નવા રાષ્ટ્રપતિ જો બાઈડન ૨૦ જાન્યુઆરીના રીપ શપથ લેશે. બાઈડન પ્રશાસનમાં મહત્વના પદો પર ૧૩ મહિલાઓ સહીત ઓછામાં ઓછા ૨૦ ભારતીય-અમેરિકીઓના નામ છે. જેમાંથી ઓછામાં ઓછા ૧૭ લોકો વાઈટહાઉસમાં મહત્વના પદો પર છે. અમેરિકાની કુલ આબાદીના ૧% ભારતીય-અમેરિકી છે. અને આ નાના સમુદાયથી કોઈને પણ પહેલી વખત વધુ સંખ્યામાં લોકોને નિયુક્ત કરવામાં આવશે. બાઈડન સાથે ૨૦ જાન્યુઆરીએ કમલા હેરિસ પણ શપથ ગ્રહણ કરશે. જે પહેલી મહિલા ઉપરાષ્ટ્રપતિ તરીકે કાર્યભાર સંભાળશે. હેરિસ અમેરિકામાં ભારતીય મૂળની રાષ્ટ્રપતિ હશે. તેઓ કાર્યભાર સાંભળવા વાળી પહેલી મહિલા આફ્રિકી-અમેરિકી પણ હશે. આ પહેલી વખત છે કે જયારે શપથ ગ્રહણ સમારોહ પહેલા કોઈ રાષ્ટ્રપતિ પ્રશાસનમાં આટલી વધુ સંખ્યામાં ભારતીય અમેરિકીઓને નામિત કરવામાં આવ્યા છે.

હજુ પણ પ્રશાસનમાં ઘણા પદ ખાલી છે. આ સૂચીમાં સૌથી ઉપર નીર ટંડન અને ડો. વિવેક મૂર્તિ છે. વાઈટ હાઉસમાં પ્રબંધક અને બજેટ નિવેશક તરીકે ટંડન અને અમેરિકી સર્જન તરીકે ડો.વિવેકને નામિત કરવામાં આવ્યા છે. વનિતા ગુપ્તાને વિધિ મંત્રાલયની એટોર્ની જનરલ બનાવવાં આવી છે. શનિવારે વિદેશ સેવાની પૂર્વ અધિકારી ઉજરા જેયાને અસૈન્ય સુરક્ષા, લોકતંત અને માનવાધિકાર માટે અવર વિદેશ મંત્રી નિયુક્ત કરવામાં આવ્યા છે. માલા અડીગાને ભાવિ પ્રથમ મહિલા ડો.જિન બાઈડન ની નીતિ નિર્દેશક અને ગરિમા વર્માને પ્રથમ મહિલાના કાર્યાલયમાં ડિજિટલ નિર્દેશક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જયારે સબરીના સિંહને પોતાની ઉપ પ્રેસ મંત્રી નિયુક્ત કરવામાં આવી છે.

# રાજસ્થાનમાં બસમાં કરંટ લાગતા ૬ બળીને ભડથું

**રાજસ્થાનમાં હાઈટેન્શન વીજલાઈનની ઝપેટમાં આવતા બસમાં આગ : દુર્ઘટનાની જાણકારી મળતા જ અધિકારીઓ તરત જ ઘટના સ્થળે પહોંચ્યા અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડ્યા**





રાજસ્થાન,તા.૧૭

રાજસ્થાનના જાલોરમાં સ્થિત મહેશપુરા ગામમાં શનિવારે રાત્રે એક મોટી બસ દુર્ઘટના સર્જાઈ, જેમાં ૬ પેસેન્જરોના મોત થઈ ગયા જ્યારે અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું કહેવાઈ રહ્યું છે. હકીકતમાં પેસેન્જરો સાથે જતી બસ અચાનક હાઈવોલ્ટેજ વીજ તાર સાથે અથડાઈ ગઈ અને બસમાં કરંટ લાગતા ૨૪ જેટલા પેસેન્જરોને કરંટ લાગ્યો, જ્યારે ૬ના ઘટનાસ્થળ પર જ મોત થઈ ગયા. દુર્ઘટનાની જાણકારી મળતા જ અધિકારીઓ તરત જ ઘટના સ્થળે પહોંચ્યા અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડ્યા. ઈજાગ્રસ્તોમાંથી ઘણાની સ્થિતિ વધારે ગંભીર હોવાનું બતાવાઈ રહ્યું છે. જે પેસેન્જર બસમાં કરંટ લાગ્યો છે તેનો રજીસ્ટ્રેશન નંબર આર.જે ૫૧ પી.એ ૦૩૭૫ છે. કહેવામાં આવી રહ્યું છે કે પેસેન્જરો સાથેની આ બસ માંડોલીથી બ્યાવર જવા માટે નીકળી હતી, પરંતુ રસ્તો ભૂલીને તે મહેશપુરા ગામમાં પહોંચી ગઈ. આ બાદ અચાનકથી તે ગામમાં સ્થિત ૧૧કેવીની વીજ લાઈનના તાર સાથે અથડાતા બસમાં કરંટ લાગ્યો અને તેમાં આગ લાગી ગઈ. આ બાદ બસમાં ચીસાચીસ શરૂ થઈ ગઈ. ગમે તેમ રીતે સ્થાનિક લોકોએ વિજળી વિભાગનો સંપર્ક કરીને વિજળીની સપ્લાઈ રોકાવીને ઈજાગ્રસ્તોને બસમાંથી બહાર નીકાળ્યા. ખબર પોલીસ સુધી પહોંચતા જ પોલીસે પણ સ્થાનિક લોકોની મદદ માટે દોડી આવી અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડ્યા. હજુ કેટલાક પેસેન્જરોની સ્થિતિ ગંભીર હોવાનું જણાવાઈ રહ્યું છે. સ્થાનિક ભાજપના સાંસદ દેવજી પટેલે પણ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે.

સાંસદ દેવજી પટેલે ટ્વીટ કરતા કહ્યું કે, જાલોરના મહેશપુરા ગામમાં બસ વીજતારની ચપેટમાં આવવાના કારણે આગ લાગી ગઈ ઘણા પેસેન્જરોના મોત થવાના અત્યંત દુઃખજ સમાચાર પ્રાપ્ત થયા છે. હું દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત પેસેન્જરોના જલ્દી સ્વસ્થ થવાની કામના કરું છું અને મૃતકોને પોતાની વિનમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. મૃતકોના પરિવારજનો પ્રત્યે મારી સંવેદના છે.

# સ્ટેચ્યૂ ઓફ યુનિટીને દેશ સાથે જોડતી ૮ ટ્રેનોને પ્રધાનમંત્રીની લીલીઝંડી

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિડીયો કોન્ફરન્સ દ્વારા લીલીઝંડી આપી : ટ્રેનો કેવડિયાને વારાણસી, દાદર, અમદાવાદ, હઝરત નિઝામુદ્દીન, રેવા, ચેન્નાઈ અને પ્રતાપનગર સાથે જોડશે : પહેલીવાર એક સાથે ૮ ટ્રેનોની હરીઝંડી**






કેવડીયા,તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિડીયો કોન્ફરન્સ દ્વારા દેશના વિવિધ ભાગો સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયાને જોડતી ૮ ટ્રેનોને લીલી ઝંડી આપીને રવાના કરાવી હતી. તેમજ વડાપ્રધાને ગુજરાતમાં વિવિધ રેલ્વે પ્રોજેક્ટનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું હતું. પીએમ મોદીએ કહ્યું, 'સંભવતઃ રેલવેના ઈતિહાસમાં આ પહેલી વાર બન્યું છે, જ્યારે એકસાથે આટલી બધી ટ્રેનોને દેશના જુદા જુદા સ્થળેથી એક જ જગ્યાએ હરી ઝંડી આપવામાં આવી છે. કેન્દ્રીય રેલવેમંત્રી પિયુષ ગોયલે કહ્યું, 'સરદાર પટેલે દેશને જોડ્યો અને ભારતીય રેલવે સરદાર પટેલની પ્રતિમાને દેશ સાથે જોડવા જઈ રહ્યું છે. દેશમાં રેલવે નેટવર્કના આધુનિકીકરણની સાથે આજે દેશના એ ભાગોને પણ રેલવે સાથે જોડવામાં આવી રહ્યા છે જે હજી સુધી રેલવેમાં જોડાયા નહોતા. આજે પહેલા કરતા વધુ ઝડપથી જુના રેલવે રૂટને પહોળા અને ઈલેક્ટ્રિસિટીનું કામ કરવામાં આવી રહ્યું છે. રેલવે ટ્રેક વધારે સ્પીડ માટે સક્ષમ કરવામાં આવી રહ્યા છે. વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' તથા તેની આસપાસ કેવડીયાના સંકલિત વિકાસના અનેકવિધ પ્રોજેકટ્સ બાદ હવે આજે એક નવા અધ્યાયનો શુભારંભ પીએમ મોદીના હસ્તે કરવામાં આવ્યો છે. કેવડીયા ખાતે મુખ્ય માર્ગ ઉપર તૈયાર થયેલા કેવડીયા રેલવે સ્ટેશનના અદ્યતન બિલ્ડિંગનું લોકાર્પણ, ડભોઈ જંકશન તથા ચાંણોદ રેલવે સ્ટેશનનું પીએમ મોદીએ આજે વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું હતું. આ સાથે ૮ નવી ટ્રેનોનો પણ લીલી ઝંડી રવાના કરાવી હતી. આ શુભ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને સીએમ રૂપાણી ઉપસ્થિત રહ્યા હતા. કેવડીયાને બ્રોડગેજ રેલમાર્ગથી ભારતીય રેલવેના

● અનુસંધાન પાન-૭ પર

# બ્રિટનનું જી-૭ સંમેલનમાં ભાગ લેવા પ્રધાનમંત્રી મોદીને આમંત્રણ

**સમિટ પહેલા જોનસન પણ ભારત આવશે : આ વખતે એસ-૭ શિખર સંમેલનમાં ભારત અને ઓસી, દક્ષિણ કોરિયાને મહેમાન તરીકે બોલાવવામાં આવ્યા છે**

નવી દિલ્હી, તા.૧૭

બ્રિટનના વડાપ્રધાન બોરિસ જૉનસનએ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એસ-૭ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે આમંત્રણ પાઠવ્યું છે. આ શિખર સંમેલન આ વખતે કૉનવૉલમાં ૧૧થી ૧૩ જૂન દરમિયાન આયોજિત કરવામાં આવશે. આ સમિટમાં દુનિયાના સાત મુખ્ય દેશોના નેતા કોરોના વાયરસ સંકટ અને જળવાયુ પરિવર્તનનો સામનો કરવાના પડકારો પર ચર્ચા કરશે. આ વખતે એસ-૭ શિખર સંમેલનમાં ભારત ઉપરાંત ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ કોરિયાને પણ મહેમાન તરીકે બોલાવવામાં આવ્યા છે. બ્રિટનના વડાપ્રધાન બોરિસ જૉનસન તરફથી જાહેર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે દુનિયાની ફાર્મેસીના રૂપમાં ભારત પહેલાથી જ દુનિયાના ૫૦ ટકાથી વધુ વેક્સીન આપૂર્તિ કરે છે. યૂનાઈટેડ કિંગડમ અને ભારતે કોરોના જેવી મહામારી દરમિયાન એક સાથે મળી કામ કર્યું છે. અમારા વડાપ્રધાન સતત વાતચીત કરતા રહે છે અને પીએમ જૉનસને કહ્યું છે કે એસ-૭ સંમેલનથી પહેલા તેઓ ભારતનો પ્રવાસ કરશે. આ વર્ષે ગણતંત્ર દિવસ સમારોહમાં જૉનસન મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા, પરંતુ કોવિડ-૧૯ના વધતા કેસના કારણે તેમણે પોતાનો પ્રવાસ રદ કર્યો હતો. દુનિયાના મુખ્ય લોકતંત્રોના રાષ્ટ્રાધ્યક્ષ સંયુક્ત પડકારોનો સામનો કરવા માટે બ્રિટનમાં એક સાથે આવશે. તમામ દિગ્ગજ નેતા કોરોના વાયરસની માર અને જળવાયુ પરિવર્તનનો સામનો કરવા મામલે ચર્ચા કરશે.

FIGHT CORONA M. 90998 72551

સેનેટાઈઝ સર્વિસ

ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ

૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.

FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

સ્વ. વિદ્યાબેન વ્યાસ



કર્મનિષ્ઠ, ધર્મનિષ્ઠ, પરોપકારી, પ્રેરણાદાયી, સદ્ગુણોસભર જીવન જીવીને અમોને પણ સુંદર સુવાસ પ્રસરાવતા સંસ્કારોનું સિંચન કરીને ધીરજ, ઉદારતા સહિત ઉત્તુંગ સદ્ગુણોની સંપત્તિનો વારસો આપવા બદલ આપની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે આપને વંદન

ઉમેશચંદ્ર પ્રભુલાલ વ્યાસ

મિલન વ્યાસ (પુત્ર) | જિજ્ઞાસા વ્યાસ (પુત્રવધુ)
નયન વ્યાસ (પુત્ર) | અલકા વ્યાસ (પુત્રવધુ)
સોનલ પુરોહિત (પુત્રી) | અજયકુમાર પુરોહિત (જમાઈ)

સોહમ્ ● યજ્ઞ ● ધ્યાની ● વેદ